ફાયનાન્સિયલ એક્સપ્રેસ

PUBLISHED SINCE 1991

સર્વપ્રથમ ગુજરાતી આર્થિક દૈનિક

અમદાવાદ, **શનિવાર**, તા. ૧૧ ઓક્ટોબર, ૨૦૨૫ વર્ષ : ૩૫ અંક : ૧૦૯ પાનાં : ૨૬ કિંમત : રૂા. ૮.૦૦ AHMEDABAD | **SATURDAY** | OCTOBER 11 | 2025 VOL XXXV NO 109 | 26 PAGES | Rs 8.00

પાનું ૧૮

સેન્સેક્સમાં ૩૨૯ પોઇન્ટનો ઉછાળો, નિફ્ટી ૧૦૩ વધીને ૨૫,૨૮૫ પર

પાનું ૦૨

શા માટે ખાનગી રોકાણનું સ્તર મજબૂત નથી?

પાનું ૧૪

સોયાબીનનું ઉત્પાદન ૨૦.૫ લાખ ટન ઘટવાની ધારણા: ઉદ્યોગ સંસ્થા

■ પ્રથમ તબક્કામાં ૨૩૫ પેનલ્ટીની સમીક્ષા કરવામાં આવી

સેબીએ શેરદલાલો પરની પેનલ્ટીની સંખ્યા ૨૩૫થી ઘટાડીને ૯૦ કરી

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અને કોમ્પ્લાયન્સિસ સરળ કરવાની દિશામાં પગલું

પીટીઆઇ
નવી દિલ્હી

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અને કોમ્પ્લાયન્સિસ સરળ કરવાની દિશામાં મહત્વનું પગલું ભરતા બજાર નિયમનકાર સેબીએ શુક્રવારે શેરદલાલો માટેનાં પેનલ્ટી માળખાનું સરળીકરણ કર્યું છે.

સરળીકરણનાં ભાગ રૂપે સેબીએ શેરબજારો દ્વારા શેરદલાલો પર લાગુ પડતી પેનલ્ટીની સંખ્યા ૨૩૫થી ઘટાડીને ૯૦ કરી છે. પ્રથમ તબક્કામાં, હાલની ૨૩૫ પેનલ્ટીની સમીક્ષા કરવામાં આવી છે, જેમાંથી ૪૦ને દૂર કરવામાં આવી છે અને ૧૦૫ નજીવી પ્રક્રિયાગત પેનલ્ટીને ફાઇનાન્સિયલ ડિસઇન્સેન્ટિવ ગણવામાં આવી છે. આને કારણે પેનલ્ટીની સંખ્યા ઘટીને ૯૦ પર આવી ગઈ છે એમ સેબીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

સેબીએ જણાવ્યું છે કે, સુધારેલા પેનલ્ટી માળખાનો હેતુ સમાન પ્રકારનાં નીરિક્ષણોમાં એક્સચેન્જીસ દ્વારા લાદવામાં આવલી પેનલ્ટીનાં પ્રકાર અને પ્રમાણમાં બિનસાતત્યતા દૂર કરવાનો, અનેક એક્સચેન્જો દ્વારા પેનલ્ટી ટાળવાનો અને પ્રક્રિયાગત ખામીઓ કે ટેકનિકલ ખામીઓ માટે પેનલ્ટીને બદલે ફાઇનાન્સિયલ ડિસઇન્સેન્ટિવ શબ્દ સ્વીકારવાનો છે.વધુમાં, માળખામાં કેટલીક પેનલ્ટીનું તાર્કિકીકરણ કરીને આર્થિક દંડને બદલે પ્રથમ વાર એડવાઇઝરી કે ચેતવણી આપવામાં આવશે અને ત્યારબાદ પેનલ્ટીની રકમ ઘટાડવામાં આવશે અને કેટલાંક ભંગ બદલ પેનલ્ટીની મહત્તમ રકમ પર મર્યાદા મૂકવામાં આવશે. સુધારેલી પેનલ્ટી માળખું હાલમાં ચાલી રહેલી અમલીકરણ પ્રક્રિયાને લાગુ પડશે જે શેરબજાર સમુદાયને મોટી રાહત આપશે. સુધારે પેનલ્ટી માળખું શેરદલારો માટે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને અને ઇઝ ઓફ કોમ્પ્લાયન્સને સરળ બનાવશે.

આ અગાઉ, સમાન નીરિક્ષણો માટેની પેનલ્ટી એક્સ્ચેન્જ પ્રમાણે અલગ અલગ હતી અને કેટલાંક કેસોમાં તો અનેક બજારોમાં સભ્યપદ ધરાવતા દલાલોને સમાન નીરિક્ષણ માટે એકથી વધુ દંડ ભરવા પડતા હતા. સેબીએ નોધ્યું હતું કે, પેનલ્ટી શબ્દ સામાન્ય રીતે ડાઘ સમાન છે. પેનલ્ટી શબ્દ લાદવાથી દલાલની બિનઇરાદાપૂર્વક પ્રતિષ્ઠા જોખમાય છે.

■ બજારમાં વોલેટિલિટીને જોતાં રોકાણકારો સાવચેત

ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડનો ઇન્ફ્લો સતત બીજે મહિને ઘટીને ૩૦,૪૨૧ કરોડ નોંધાયો

એસઆઇપીમાં ફાળો રૂ. ૨૮,૨૬૫ કરોડથી વધીને રૂ. ૨૯,૩૬૧ કરોડ નોંધાયો

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૧૦

ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડસનો ઇન્ફ્લોઝ સપ્ટેમ્બરમાં રૂપિયા ૩૦,૪૨૧ કરોડનો રહ્યો હતો, જેમાં સતત બીજા મહિનામાં ઘટાડાનું વલણ રહ્યું હતું, કેમ કે રોકાણકારો બજાર વોલેટાલિટી અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે સાવચેત બન્યા હતા. ઓગસ્ટમાં ઇન્ફ્લોઝ રૂપિયા ૩૩,૪૩૦ કરોડનો રહ્યો હતો જેથી સપ્ટેમ્બરમાં તેમાં ૯ ટકાનો ઘટાડો રહ્યો હતો અને જુલાઇના રૂપિયા ૪૨,૭૦૩ કરોડની ઓલ-ટાઇમ હાઇ સપાટી કરતા ઓછું રહ્યું હતું, તેમ ધી એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન ઇન્ડિયા(એમ્ફી) દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટામાં દર્શાવાયું હતું.

ઘટાડા છતાં, સતત ૫૫માં મહિને ઇક્વિટી સ્કીમોમાં નેટ ઇન્ફ્લોઝ દર્શાવે છે, જે સૂચવે છે કે રોકાણકારોનો શેરોમાં લાંબા સમયગાળાની સંપત્તિ સર્જન સ્થળ તરીકે વિશ્વાસ જળવાઇ રહ્યો છે.

મોર્નિંગસ્ટાર ઇન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઇન્ડિયા ખાતેના સિનિયર વિશ્લેષક-મેનેજર રિસર્ચ નેહલ મેશરામે જણાવ્યું હતું કે મોડરેશન માળખાકીય કરતા સાયકલિકલ વધુ દેખાય છે. કેમ કે તે અગાઉના બે માસમાં અપવાદરૂ મજબૂત ઇન્ફ્લોઝ રહ્યો હતો. એક્વિરસ વેલ્થના એમડી અને બિઝનેસ હેડ-અંકુર પુંજે આ ઘટાડા માટે ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓને જવાબદાર ગણાવી હતી, જ્યારે સામકો મ્યુચ્યુઅલ ફંડના સીઇઓ વિરાજ ગાંધીએ દર્શાવ્યું હતું કે થિમેટિક ફંડ કલેક્શનમાં ઘટાડો રહ્યો હતો કેમ કે આની પાછળનું મુખ્ય પરિબળ પ્રવાહમાં ઘટાડો રહ્યો હતો.

દરમિયાન, સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન્સ(એસઆઇપીએસ) મ્યુચ્યુઅલ ફંડ્સ માટે સ્થિર ઇન્ફ્લો ચેનલ તરીકે ચાલુ રહ્યા હતા. એસઆઇપી કોન્ટ્રિબ્યૂશન્સ વધી રૂપિયા ૨૯,૩૬૧ કરોડના સપ્ટેમ્બરમાં રહ્યા હતા, જે ઓગસ્ટના રૂપિયા ૨૮,૨૬૫ કરોડ કરતા વધારે હતા, જે ટૂંક સમયના માર્કેટ સ્વિંગ છતાં રિટેલ રોકાણકારોની સતત હિસ્સેદારીનો નિર્દેશ કરે છે. ઇક્વિટી કેટેગરીઝ દરમિયાન, ફ્લેક્સિ-કેપ ફંડ્સ ટોપ ડ્રોમાં રહ્યા હતા, અને સપ્ટેમ્બરમાં રૂપિયા ૭,૦૨૯ કરોડ આકર્ષ્યા હતા, મજબૂત ઇનફ્લોઝનો આ સતત ત્રીજો માસ હતો.

મિડ એન્ડ સ્મોલ-કેપ ફંડ્સમાં પણ હેલ્થી ઇન્ટરેસ્ટ જોવાયો હતો અને તેઓએ અનુક્રમે રૂપિયા ૫,૦૮૫ કરોડ અને રૂપિયા ૪૩૬૩ કરોડ મેળવ્યા હતા, જો કે આ બન્ને કેટેગરીઝે થોડો ઘટાડો નોંધાવ્યોહતો.

સીડીએસસીઓ ઔષધ મંજૂરીની રૂપરેખા ઘડશે

નવી દિલ્હી,તા.૧૦

ધી સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશન (સીડીએસસીઓ)એ ભારતની ઔષધ મંજૂરી માટેની નવી રૂપરેખાની સમીક્ષા કરવાની દિશામાં હિલચાલ શરૂ કરી છે. જેના ભાગરૂપે હિતધારકો પાસેથી પ્રતિક્રિયા મંગાવવામાં આવી રહી છે. જેથી કરીને પ્રથમ વખત અરજી કરનાર અને પછીથી પ્રવેશ કરનાર વચ્ચે જે અસમાનતાઓ છે તેને દૂર કરી શકાય.

ભારતનાં ૩.૪ લાખ કરોડનાં ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ માટે આ મહત્વનો ઘટનાક્રમ છે. જેમાં નવતર સંશોધન પર ભાર મુકતી કંપનીઓ ક્લીકનલ ટ્રાયલની ઊંચી પડતર સરભર કરી શકાય તે માટે મોટાપાયે પડતરમાં રાહત મળે તેવા નીતિ વિષયક સહયોગની અપેક્ષા રાખતી હોય છે.સીડીએસસીઓની પછીનાં નવા ઔષધ વિભાગે જારી કરેલી નોટિસમાં નિયમનકારી પ્રણાલિમાં જે સવાલો ઊભા થઇ રહ્યાં છે તેની વાત કરવામાં આવી છે. એક વખત નવા

ઔષધને સ્થાનિક ક્લીનીકલ ટ્રાયલનાં ધોરણે મંજૂરી મળી જાય ત્યાર બાદ અન્ય કંપનીઓ તેવા જ ઔષધ માટે માત્ર બાયોઇક્વિવલન્સ (બીઇ) અભ્યાસની વિગતો રજૂ કરે છે. આ રીતે તેઓ પૂર્ણપણે ક્લીનીકલ ટ્રાયલ કરવાની જરૂરિયાતને જતી કરે છે.

નવા ડ્રગ્સ અને ક્લીનકલ ટ્રાયલનાં નિયમ ૨૦૧૯માં નવું ઔષધ બનાવતા પહેલા ભારતીય પેટન્ટ પર ક્લીનીકલ ટ્રાયલ કરવાની રહે છે.

જોકે સીડીએસસીઓએ નોંધ લીધી છે કે, વહેવારમાં સામાન્ય રીતે માત્ર પ્રથમ અરજી કરનારને ખર્ચ વેઠવાનો આવે છે તેમજ ક્લીનીકલ અને બાયોઇક્વેલન્સ ડેટા તૈયાર કરવાનું જોખમ ઉઠાવે છે. એક વખત મંજૂરી માટેનો આ ડેટા આધાર બની જાય પછી અન્ય અરજદારો માત્ર પછીની નવી ઔષધ માટેની અરજી કરે છે. પરિણામે નોંધપાત્ર રીતે ઓછી નિયમનકારી આવશ્યકતાઓ બજારમાં પ્રવેશ કરવા માટે તેમણે સંતોષવાની રહે છે.

ભારત દેશવ્યાપી રિટેલ પાવર સેક્ટરને ખાનગી કંપનીઓ માટે ખોલવા ઇચ્છે છે

રોઇટર્સ
નવી દિલ્હી, તા. ૧૦

ભારત તેના રિટેલ ઇલેકટ્રિસિટી બજારને ખાનગી કંપનીઓ માટે દેશવ્યાપી ખોલવાનું આયોજન કરી રહ્યું છે, આથી મોટા ભાગના રાજ્યોમાં સરકાર સંચાલિત ડિસ્ટ્રિબ્યૂટર્સના પ્રભુત્વનો અંત આવશે, તેમ શુક્રવારે ફેડરલ પાવર મંત્રાલય દ્વારા મુસદ્દા બિલમાં જણાવ્યું છે.

સરકારના આ પગલાથી, ખાનગી કંપનીઓ જેવી કે અદાણી એન્ટરપ્રાઇસીઝ, તાતા પાવર, ટોરેન્ટ પાવર અને સીઇએસસીને દેશભરમાં તેઓની હાજરીને વિસ્તારવાની છૂટ મળશે.

આવો જ પ્રયત્ન ૨૦૨૨માં પણ કરવામાં આવ્યો હતો, જેને સ્ટેટ ડિસ્ટ્રિબ્યૂશન કંપનીઓ તરફથી વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

ભારતના માત્ર મુઠ્ઠીભર ઇલેકટ્રિસિટી ડિસ્ટ્રિબ્યૂશન ઝોન્સ- કે જેમાં ધી નેશનલ કેપિટલ રિજીયન, ઓડિશા, અને ઔદ્યોગિક રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર અને ગુજરાત--હાલમાં પ્રાઇવેટાઇઝ્ડ થયેલા છે કેમ કે આ માટેના નિયમો આવી સુવિધા પૂરી પાડતા ન હતા.

મોટા ભાગના આવા વિસ્તારો રાજ્યના અંકુશ હેઠળ રહ્યા છે અને દેશને મોટા નાણાકીય નુકસાનનો બોજ બેંઢારવો પડે છે.

નવી દિલ્હી સરકાર સંચાલિત પાવર યુટિલિટીઝને નુકસાન ઘટાડવા અને સરવૈયાઓ ક્લીન કરવા ઉપરાંત યુગો જૂના માળખાને અપગ્રેડ કરવા માટે દબાણ કરતી રહી છે.

આ વર્ષના પ્રારંભે, દેશના સૌથી વધુ વસતીવાળા રાજ્ય-ઉત્તરપ્રદેશે તેની ચાર વીજ વિતરણ કંપનીઓમાંથી બે કંપનીઓનું ખાનગીકરણ કરવાની બિડ્સ મંગાવી હતી. જૂન-૨૦૨૫ના રોજ, સ્ટેટ પાવર યુટિલિટીઝ લગભગ ૬.૭૮ અબજ ડોલરના મૂલ્યના પાવર જનરેટર્સની માલિકી ધરાવે છે, તે સ્વતંત્ર પાવર પ્રોડ્યૂસર્સ માટે પ્રવાહિતીની તીવ્ર તંગી સર્જે છે, અને બદલામાં આ સેક્ટરમાં ધિરાણ પ્રવાહને અવરોધે છે,

ફાર્મા, બેંકિંગ શેરોમાં લેવાલીએ સેન્સેક્સમાં ૩૨૯ પોઇન્ટનો ઉછાળો નોંધાયો

પીટીઆઇ
મુંબઇ, તા. ૧૦

ફાર્માસ્યુટિકલ અને બેંકિંગ શેરોમાં મજબૂત ગેઇન્સ અને વિદેશી ફંડના ઇન્ફ્લોઝથી શુક્રવારે બેંચમાર્ક સેન્સેક્સ ૩૨૯ પોઇન્ટ ઉછળ્યો હતો.

૩૦-શેરનો બીએસઇ સેન્સેક્સ ૩૨૮.૭૨ પોઇન્ટ કે ૦.૪૦ ટકા ઉછળીને ૮૨,૫૦૦.૮૨ સેટલ થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૮૨.૦૧ પોઇન્ટ કે ૦.૫૮ ટકા ઉછળીને ૮૨,૬૫૪.૧૧ની ઇન્ટ્રા-ડે ઊંચાઇને સ્પર્શ્યો હતો.

૫૦-શેરનો એનએસઇ નિફ્ટી ૧૦૩.૫૫ પોઇન્ટ કે ૦.૪૧ ટકા વધીને ૨૫,૨૮૫.૩૫ બંધ રહ્યો હતો.

સેન્સેક્સ કંપનીઓમાં, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, મારૂતિ સુઝુકી ઇન્ડિયા, એક્સિસ બેંક, એનટીપીસી, બીઇએલ, અદાણી પોર્ટસ, એટર્નલ, સન ફાર્માસ્યુટિકલ્સ, પાવર ગ્રિડ, આઇટીસી, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટ્રેન્ટ, એચસીએલ ટેકનોલોજીસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, અને એચડીએફસી બેંક શેરોમાં મોટો ભાવ વધારો રહ્યો હતો.

ત્રણ સપ્તાહમાં સૂચકાંકોમાં સૌથી મોટો ઉછાળો

ટેલિકોમ, આઇટી અને હેલ્થકેર શેરોમાં તેજીને પગલે બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકોએ છેલ્લાં ત્રણ મહિનામાં તેમનો શ્રેષ્ઠ સામાહિક દેખાવ કર્યો હતો. ૧૦ ઓક્ટોબરે પૂરા થયેલા સમાહમાં સેન્સેક્સ ૧,૨૯૩ પોઇન્ટ અથવા ૧.૫૯ ટકા વધીને ૮૨,૫૦૦ પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૩૯૧ પોઇન્ટ અથવા ૧.૫૭ ટકા વધીને ૨૫,૨૮૫ પર બંધ રહ્યો હતો.

રોકાણકારોની સંપત્તિ આ સમાહ દરમિયાન ૪.૨૬ લાખ કરોડ રૂપિયા વધી હતી.

સંપાદનઃ કિશોર કદમ

વિખવાદ વચ્ચે તાતા ટ્રસ્ટ બોર્ડની બેઠક

મુંબઇ,તા.૧૦

તાતા ટ્રસ્ટનાં બોર્ડે વિવાદાસ્પદ બાબતોથી દૂર રહીને સામાન્ય મુદ્દાઓ પર આજે ચર્ચા કરી હતી. બોર્ડમાં નિમણુંક અને ગર્વનન્સનાં મુદ્દે ટ્રસ્ટીઓમાં વિખવાદનાં ગણગણાટ વચ્ચે આજે તાતા ટ્રસ્ટનાં બોર્ડની બેઠક મળી હતી.

બોર્ડમાં નિમણુંક અને ગવર્નન્સનાં મુદ્દે ટ્રસ્ટીઓમાં વિખવાદનાં ગણગણાટ વચ્ચે બોર્ડની બેઠક યોજાઈ

સુત્રએ માહિતી આપતા જણાવ્યું કે, આજની બેઠકમાં કોઇ વિવાદાસ્પદ બાબતે ચર્ચા થઇ ન હતી. સામાન્ય કામકાજ પર ચર્ચા થવા પામી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે, વિવિધ દવાખાનાઓ અને ગ્રામ વિકાસનાં પ્રોજેક્ટ પર બોર્ડની બેઠકમાં રજૂઆતો થવા પામી હતી.

સુત્રોએ જણાવ્યું કે, અગાઉનાં ઘટનાક્રમ બાબતે કોઇ સંદર્ભ કે ચર્ચા થઇ ન હતી.અત્રે એ ઉલ્લેખનીય છે કે, તાતા જુથનાં મોવડીઓ જેમાં તાતા ટ્રસ્ટનાં અધ્યક્ષ નોએલ તાતા અને તાતા સન્સનાં અધ્યક્ષ ચંદ્રશેખરને કેન્દ્રનાં ગૃહ પ્રધાન અમિત શાહ અને નાણાં પ્રધાન નિર્મલા સીતારામનને મંગળવારે મળ્યા ત્યાર બાદ આ બેઠક યોજાઇ હતી.તાતા ટ્રસ્ટનો સંપર્ક કરીને બેઠકની વિગતો જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પણ તેમને કોઇ પ્રતિસાદ આપ્યો ન હતો.

રૂપિયો ડોલર સામે ૧૦ પૈસા વધીને ૮૮.૬૯

પીટીઆઇ
મુંબઇ, તા. ૧૦

સ્થાનિક શેરબજારોમાં મજબૂતાઇ અને કુડ ઓઇલમાં વ્યાપક નરમાઇના કારણે શુક્રવારે રૂપિયો યુએસ ડોલર સામાં દસ પૈસાના વધારે ૮૮.૬૯(પ્રોવિઝનલ) બંધ રહ્યો હતો.

ફોરેક્સ ટ્રેડર્સે જણાવ્યું હતું કે રૂપિયાને સ્થાનિક શેરબજારોની મજબૂતાઇ અને કોમોડિટીના ભાવમાં ઓવરનાઇટ ઘટાડા પાછળ લાભ થયો હતો. મધ્યસ્થ બેંક દ્વારા હસ્તક્ષેપનો પણ ઘરેલું ચલણને સપોર્ટ મળ્યો હતો. જો કે, મજબૂત યુએસ ડોલરે રૂપીમાં લાભને મર્યાદિત રાખ્યો હતો, તેમ તેઓએ વધુમાં કહ્યું હતું.

ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ ખાતે, રૂપિયામાં ડોલર સામે ૮૮.૯૦ ભાવે કામકાજ શરૂ થયા બાદ તે ૮૮.૫૦થી ૮૮.૮૦ની રેન્જમાં ફર્યો હતો અને આખરે ૮૮.૬૯(પ્રોવિઝનલ) ભાવે સેટલ થયો હતો, જેમાં અગાઉના બંધ સામે દસ પૈસાનો મૂલ્યવધારો રહ્યો હતો.

દરમિયાન, ડોલર ઇન્ડેક્સ, જે છ ચલણોના બાસ્કેટ સામે ગ્રીનબેકની મજબૂતાઇને માપે છે.

બીજા ક્વાર્ટરમાં ટીસીએસ કર્મીઓની સંખ્યામાં ૧૯,૭૫૫નો ઘટાડો થયો

ત્રિમાસિક ગાળામાં કર્મચારીઓની છટણી ૧૩.૩ ટકા, જે પ્રથમ ક્વાર્ટરમાં ૧૩.૮ ટકા હતી

ઉર્વી માલવણિયા

ભારતની સૌથી મોટી આઇટી સેવાઓ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસમાં ચાલુ નાણાકીય વર્ષના સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કર્મચારીઓની સંખ્યામાં ૧૯,૭૫૫નો ઘટાડો જોવા મળ્યો હતો, એમ તેણે કરેલા ત્રિમાસિક સમીક્ષામાં જણાવ્યું છે.

નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૫૯૩,૩૧૪ કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો થયો હતો, જે જૂન ક્વાર્ટરમાં ૬૧૩,૦૬૯ હતો.

ત્રિમાસિક ગાળા માટે કર્મચારીઓની છટણી ૧૩.૩% હતી, જે પહેલા ક્વાર્ટરમાં ૧૩.૮% થી થોડી ઓછી હતી, જોકે કંપનીની અગાઉ જણાવેલી ૧૨-૧૩% ની કમ્ફર્ટ રેન્જ કરતાં હજુ પણ વધુ છે.

ત્રિમાસિક ગાળા દરમિયાન, ટીસીએસ એ પુનર્ગઠન કવાયતની જાહેરાત કરી, જેના પરિણામે તેના વૈશ્વિક કાર્યબળના ૨% કર્મચારીઓને સમાપ્ત કરવામાં આવશે.

ચીફ એચઆર ઓફિસર સુદીપ કુન્નુમલે પોસ્ટ અર્નિંગ એનાલિસ્ટ કોલ પર સ્પષ્ટતા કરી હતી કે કંપનીએ આ કવાયતના ભાગ રૂપે ફક્ત ૬,૦૦૦, અથવા ૧% કર્મચારીઓને છૂટા કર્યા છે.

બીજા ક્વાર્ટર માં, અમે સેવર્સ-એન્ડ માટે ૧,૧૩૫ કરોડ પૂરા પાડ્યા છે. સેવર્સ પેકેજ ઉદ્યોગના ધોરણો કરતાં ઘણું સારું છે. અમે આ સમગ્ર કવાયતનો સહાનુભૂતિ અને કાળજી સાથે સંપર્ક કરીએ છીએ, તેમણે ઉમેર્યું..સેવર્સ પેમેન્ટ્સ સેવા લંબાઈ દ્વારા સ્તરીય કરવામાં આવ્યા છે, છ મહિનાથી બે વર્ષ સુધીના પગાર સુધી, તે અગાઉથી જાણ કરવામાં આવ્યું હતું.

વધુમાં, પર્ફોર્મન્સ મેન્સ અને બેન્ચ પોલિસી સંબંધિત અમારા નિયમિત ચાલુ પ્રયાસોના ભાગ રૂપે અનૈચ્છિક એટ્રિશન થયું છે,૫૯૩,૩૧૪ બીજા ક્વાર્ટર નાણાકીય વર્ષ ૨૬

૧૩.૩% બીજા ક્વાર્ટર નાણાકીય વર્ષ ૨૬તેમણે કહ્યું. આ વર્ષે જૂનમાં, કંપનીએ તેની બેન્ચ પોલિસીમાં ફેરફાર કર્યો હતો જે કર્મચારીઓને વર્ષમાં મહત્તમ ૩૫ ફાળવેલ અથવા બેન્ચ દિવસો સુધી મર્યાદિત કરે છે.લાંબા સમય સુધી બેન્ચ પર રહેલા કર્મચારીઓને પગાર બંધ થવાથી લઈને નોકરીમાંથી કાઢી મૂકવા સુધીના પરિણામોનો સામનો કરવો પડી શકે છે.

મેનેજમેન્ટે પુનર્ગઠન કવાયતના ભાગ રૂપે બાકીની ગુલાબી સ્લિપ ક્યારે આપવામાં આવશે તે અંગે કોઈ સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું નથી.ટીસીએસ મેનેજમેન્ટે યુએસ ઇમિગ્રેશન નીતિમાં કોઈપણ ફેરફારોને અનુકૂલન કરવાની તેની ક્ષમતામાં પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, જેમાં વિઝા-લિંક્ડ પ્રતિભા પર મર્યાદિત નિર્ભરતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

આ વર્ષે અત્યાર સુધી લગભગ ૫૦૦ સહયોગીઓ એચ૧-બી પર યુએસ ગયા છે, અને અમે માનીએ છીએ કે અમારું વ્યવસાય મોડેલ ઇમિગ્રેશન નીતિમાં કોઈપણ ફેરફારોને ઝડપથી અનુકૂલન કરી શકશે, કુન-નુમલે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે આ વિશ્વાસ કંપનીના સ્થાનિકીકરણ પ્રયાસોમાંથી ઉદ્ભવે છે, નોંધ્યું હતું કે, અમે લેટિન અમેરિકામાં આ મોડેલને સંપૂર્ણ બનાવ્યું છે અને (અમે) યુએસ, યુકે અને યુરોપ સહિત તમામ મુખ્ય ભૌગોલિક વિસ્તારોમાં મોટી સ્થાનિક કાર્યબળ ધરાવીએ છીએ, જેનો અમે વિસ્તરણ કરવાનું ચાલુ રાખીશું.

ફાયનાન્સિયલ એક્સપ્રેસ

નાદારીનાં કાયદામાં સર્વોપરીતાનાં મુદ્દે સરકાર યોગ્ય અભિગમ અપનાવે

સરકાર ગેરકાયદે આવેલા નાણાંમાં માત્ર કસુરવારને શિક્ષા કરે

સર્વોચ્ચ અદાલતનો આ વર્ષની શરૂઆતમાં કલ્યાણી ટ્રાન્સકો-ભૂષણ પાવર અને સ્ટીલનાં કેસમાં ચુકાદો આવ્યો અને ત્યાર બાદ નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (એનસીએલએટી)એ દુનાર ડુનાર ફૂડ્ઝમાં આદેશ કર્યો તેમાં વહેવારિક ધોરણે જોવામાં આવે તો રિઝોલ્યુશન એપ્લીકન્ટ (આરએ)ને ચોખ્ખી સ્લેટ મળવી જોઇએ તે સિધ્ધાંતને પાછળ મુકવામાં આવ્યો છે. આઇબીસીને શરૂઆતથી જ કલમ ૧૪નાં માધ્યમથી સત્તા મળે છે કે, રિઝોલ્યુશનમાં જઇ રહેલા એકમની અસ્ક્યામતોને મોરેટોરિયમની દરખાસ્ત કરી શકે. કલમ ૩૨(એ) પછીથી ડિસેમ્બર ૨૦૧૯માં દાખલ કરવામાં આવી તેમાં આ સવલતને વધારે મજબૂત કરીને કોર્પોરેટ ડેટર (સીડી) અને તેની અસ્ક્યામતોને અન્ય કાયદા હેઠળની કાર્યવાહી સામે રક્ષણ આપવામાં આવ્યું છે. વાસ્તવમાં કલમ ૩૨ (એ)નાં મુળમાં જઇએ તો કહી શકાય કે, સંખ્યાબંધ એવા કિસ્સા ધ્યાન પર આવ્યા જેમાં અદાલતો અને ટ્રિબ્યુનલે સીડીની જે અસ્ક્યામતો એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઇડી) ધ્વારા પ્રીવેન્ટેશન ઓફ મની લોન્ડરીંગ એક્ટ (પીએમએલએ) હેઠળ જમ કરી હોય તેમાં આપેલી અસરમાં વિસંવાદીતા જોવા મળી રહી હતી. જેના ઉકેલનાં ભાગરૂપે આ જોગવાઇ દાખલ કરવામાં આવી હોવાનું સમજાય છે. આઇબીસી અને પીએમએલએ વચ્ચે સંઘર્ષ મુશ્કેલ છે કારણ કે, બન્ને ખાસ પ્રકારનાં કાયદા છે અને તેમાં નોન-ઓબસ્ટેન્ટનું તત્વ રહેલું છે એટલે કે અન્ય કાયદા સામે આ કાયદો સર્વોપરી ગણાય છે.

અત્યારે એ પણ સ્પષ્ટ નથી થઇ રહ્યું કે, આઇબીબીઆઇ અને ઇડી વચ્ચે જે સમજણ ઊભી થવા પામી છે અને તેને પરિપત્રથી બહાલી આપવામાં આવી રહી છે તે વૈધાનિક રીતે માન્ય રહેશે કે નહીં

તાજેતરનાં ઘટનાક્રમમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે, જાહેર કાયદામાં આવતી બાબતોમાં વૈધાનિક સત્તાવાળાઓએ જે નિર્ણયો લીધા હોય તેમાં એનસીએલટી કે એનસીએલએટી પણ કઇંના કરી શકે. જેમ કે, પીએમએલએ હેઠળ કરવામાં આવેલી કાર્યવાહી. મોરેટોરિયમ અને ઇમ્યુનિટી અંગેની જોગવાઇ આઇબીસીમાં કરવાનો ઉદેશ્ય જ એવો રહેલો છે કે, નાદાર કંપનીનાં કિસ્સામાં તેના પ્રમોટરની અગાઉની કોઇ ગુન્હાહીત જવાબદારીની દહેશતે કોઇ તેને ખરીદવા જ આગળ આવે નહીં તેવી પરિસ્થિતિને રોકવાનો છે. દુનાર ફૂડ્ઝનાં કેસમાં આરએનો મત એવો છે કે, કલમ ૧૪ હેઠળ મોરેટોરિયમ તમામ પ્રકારની આવક-દિવાની, ફોજદારી, ક્વાસી-જ્યુડિશ્યલ કે અન્ય તમામને લાગુ પડે છે. એનએસીએલએટીએ આ બાબતે સર્વોચ્ચનાં રૂલિંગને ટાંકીને ઠરાવ્યું છે કે, ગુન્હો કરીને મેળવેલી રકમ આ જોગવાઇ હેઠળ જે રકમ મળી રહી છે તેનો હિસ્સો ના ગણી શકાય.

આ ઘટનાક્રમને પગલે નાદારીની પ્રક્રિયામાં સંકળાયેલા હિતધારકો સામે એક મોટો કાનુની પડકાર ઊભો થવા પામ્યો છે. ઇન્સોલવન્સી એન્ડ બેંકરપ્ટસી બોર્ડ ઓફ ઇન્ડિયા (આઇબીબીઆઇ)નાં અધ્યક્ષ રવી મિત્તલનું કહેવું છે કે, ગત અઠવાડિયે બોર્ડ અને ઇડી તેના ઉકેલની દિશામાં આગળ વધ્યા છે. તેમના આ વિધાનને પગલે એક આશાવાદનો માહોલ ઊભો થયો છે. હવે એ જોવાનું રહે છે કે, મિત્તલે એક કે બે મહિનામાં આ અંગેનો પરિપત્ર જારી કરવાનું જણાવ્યું છે તેમાં તેનો કોઇ સ્પષ્ટ ઉકેલ મળી રહ્યો છે કે નહીં. પરિપત્રમાં નાદારીની પ્રક્રિયા દરમિયાન પણ ઇડી કોઇ દરમિયાનગીરી કરી શકે નહીં તેવો ઉલ્લેખ કરવામાં આવે છે કે નહીં તે જોવાનું રહેશે. પતાવટનાં પ્રયાસો ચાલી રહ્યાં હોય તેની સાથે સાથે ઇડીની કાર્યવાહી પણ ચાલુ હોય તો સ્વભાવિક રીતે પતાવટ થવાની સંભાવના ઘટે છે. અત્યારે એ પણ સ્પષ્ટ નથી થઇ રહ્યું કે, આઇબીબીઆઇ અને ઇડી વચ્ચે જે સમજણ ઊભી થવા પામી છે અને તેને પરિપત્રથી બહાલી આપવામાં આવી રહી છે તે વૈધાનિક રીતે માન્ય રહેશે કે નહીં.

વિગતે જોવામાં આવે તો કલમ ૩૨ (એ)માં પીએમએલએ સાથેનાં સંઘર્ષને ધ્યાનમાં લેવામાં આવ્યો છે અને સ્પષ્ટપણે જણાવાયું છે કે, ખોટી રીતે હાંસલ કરવામાં આવેલા ભંડોળ સામેની કાર્યવાહી બરાબર છે પણ અસ્ક્યામતોનો તેમાં સમાવેશ નથી થતો. અહીંયા પણ વસ્તુસ્થિતિ સ્પષ્ટ થઇ રહી છે કે, લેણદારને ગુન્હો કરીને મેળવવામાં આવેલો અવેજ સલામતીનાં સ્વરૂપમાં આપવામાં આવ્યો હોય તો તે લેણદારની માલિકીનો છે નહીં સરકારની. અહીંયા સરકારની ભૂમિકા માત્ર કસુરવાર વ્યક્તિ સામે દંડનીય કાર્યવાહી પુરતી જ સિમિત રહે છે. અસ્ક્યામતને સરકાર જમ નથી કરી શકતી. તેમાં પણ જ્યારે આ પ્રકારની અસ્ક્યામતની મદદથી ધંધો પુનઃકાર્યાન્વિત થવાની સંભાવના હોય ત્યારે આ પ્રકારનું રક્ષણ ખાસ જરૂરી બની જાય છે.

એક્સપીઆઇની ઇક્વિટી અસ્ક્યામતોમાં સપ્ટેમ્બરમાં મોટાપાયે ઘટાડો

સંકલન કિશોર કદમ

ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર (એફપીઆઇ)ની ઇક્વિટી અસ્ક્યામતમાં સપ્ટેમ્બર મહિના દરમિયાન વાર્ષિક ધોરણે ૧૪.૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જે છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાનનો તિવ્ર ઘટાડો હોવાનું, એનએસડીએલની આંકડાકીય વિગતોથી સ્પષ્ટ થઇ રહ્યું છે.

તેમનું ઇક્વિટી હોલ્ડિંગ સપ્ટેમ્બર ૨૦૨૪માં ૯૩૦.૫ બિલિયન ડોલર હતું જે ઘટીને સપ્ટેમ્બર ૨૦૨૫માં ૭૯૬.૯ બિલિયન ડોલર પર આવી ગયુ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, છ મહિનામાં તે પહેલી વખત ૮૦૦ બિલિયન ડોલરની સપાટીથી નીચે આવ્યું છે.

રૂપિયાનાં મુલ્યમાં ૪૯૯ પૈસાનો અથવા તો ૫.૯૫ ટકાનો જે ઘટાડો થયો તેની તેમાં મહત્વની ભૂમિકા હોવાનું સમજાય છે. આ ઉપરાંત ઇક્વિટી ઇન્ડાઇસીસમાં આ સમયગાળામાં ૯ ટકા સુધીનો જે ઘટાડો થયો તેની પણ તેમાં ભૂમિકા રહેલી છે. એફપીઆઇએ છેલ્લાં એક વર્ષ દરમિયાન ૨૯ બિલિયન ડોલર (રૂા.૨.૫ લાખ કરોડ) ઉપરાંતના શેર ઓફલોડ કર્યા છે.

● ખાનગી રોકાણ

કંપનીઓ જ્યારે રોકાણ કરતી હોય છે ત્યારે કેટલું વળતર મળશે તેની ગણતરી કરે છે

શા માટે ખાનગી રોકાણનું સ્તર મજબૂત નથી?

મદન સબનવીસ,

મુખ્ય અર્થશા-ી, બેન્ક ઓફ બરોડા

જ્યારથી ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ (જીએસટી)માં તાર્કિકીકરણ કરવામાં આવ્યું છે ત્યારથી ખાનગી ક્ષેત્ર દ્વારા વધુને વધુ રોકાણ કરવાની માંગ સતત બુલંદ બની રહી છે. એવી દલીલ કરવામાં આવે છે કે, જ્યારે સરકારે વપરાશ વધારવા માટે તેની પાસેની તમામ સત્તાઓનો ઉપયોગ કરી લીધો છે અને આરબીઆઇએ રેટમાં ૧૦૦ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરી દીધો છે ત્યારે હવે ખાનગી ક્ષેત્રનો વારો છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, ખાનગી ક્ષેત્ર વધુ રોકાણ કરીને પ્રતિસાદ આપશે, જેનાંથી વધુ રોજગાર સર્જન કરવામાં મદદ મળશે અને તેનાંથી ખર્ચ કરવાનાં નવા ચક્રનો પ્રારંભ થશે. જોકે, આ તાર્કિક અપેક્ષા છે, ત્યારે વાસ્તવિક વિશ્વ અલગ હોઈ શકે છે.

દેશમાં ચોક્કસપણે, રોકાણ થઈ રહ્યું છે. ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન (જીએફસીએફ) રેટ આશરે ૩૦ ટકા છે. પણ તે વ્યાપક આધાર નથી ધરાવતો અને માળખાકીય ક્ષેત્ર તરફ વધુ ઢળેલો છે. કન્ઝ્યુમર ગુડ્ઝ કંપનીઓમાં મર્યાદિત રોકાણ છે. એમ લાગે છે કે, જ્યાં કેપેક્સ (કેપિટલ એક્સ્પેન્ડ્યચર) વધુ છે, ત્યાં સરકાર અગ્રીમ મોરચે ખર્ચ કરે છે, પણ સંબંધિત ઉદ્યોગોમાં બેકવર્ડ લિન્કેજ છે. શ્રેષ્ઠ સમયમાં જીએફસીએફ રેટ ૩૪-૩૫ ટકા હતો અને સાથે સાથે જીડીપીમાં વૃધ્ધિની સરેરાશ પણ આઠ ટકાથી ઉપર હતી. તો પછી શા માટે રોકાણ નથી આવતું?

પ્રથમ, કંપનીઓ સામાન્ય રીતે એવા ક્ષેત્રમાં રોકાણ કરતી હોય છે જ્યાં માંગ મજબૂત હોય છે. આ સ્તર ૮૦-૮૫ ટકાને વટાવે ત્યારે કંપનીઓ રોકાણ કરતી હોય છે. આમાં વર્તમાન અને ભાવિ વપરાશ બંનેનો સમાવેશ થાય છે. કંપનીઓ નવું રોકાણ કરતાં પહેલાં લાંબા સમય સુધી વેચાણમાં ઊંચી વૃધ્ધિનો ટ્રેન્ડ જોતી હોય છે. આ ઉદ્યોગ અને કંપનીઓ પર આધાર રાખે છે અને તેમાં સમયનું પણ મહત્વ છે.

આ મુદ્દો વપરાશ અથવા તો વપરાશ ક્ષમતા સાથે મજબૂત રીતે જોડાયેલો છે. વર્ષોથી ફુગાવાને કારણે રોકાણમાં અવરોધ આવ્યો છે. હાલમાં, ફુગાવો નીચો છે, ત્યારે ભૂતકાળમાં સંચયિત ફુગાવાને કારણે ઘર વપરાશ પર અસર થઈ છે કારણ કે આવકમાં વૃધ્ધિ વેગ નથી પકડી રહી. એવી આશા રાખી શકાય કે સીધા અને આડકતરા વેરામાં રાજકોષીય રાહતોને કારણે આ મોસમમાં પરિસ્થિતિ પલ્ટાશે.

વિવિધ સેક્ટર્સમાં ખાનગી રોકાણ ધીમે ધીમે વેગ પકડશે અને વધુ સ્પષ્ટ ચિત્ર ઉપસતા બે વર્ષ સુધીનો સમય લાગી શકે છે

બીજું, કંપનીઓ જ્યારે રોકાણ કરતી હોય છે ત્યારે તેઓ હંમેશા કેટલું વળતર મળશે તેનું મૂલ્યાંકન કરતી હોય છે. આમ, મૂડી પરનું વળતર કેન્દ્રસ્થાને આવી જાય છે. લિવરેજ દ્વારા ધિરાણથી ક્ષમતા નિર્માણમાં ખર્ચ થાય છે. કોઈ પણ રોકાણ માટે પૂરતા પ્રમાણમાં ઉત્પાદન અને નફો હોવો જોઇએ. કંપનીઓ શા માટે અત્યંત જરૂરી ન હોય ત્યાં સુધી સંભવિત રોકાણ અટકાવી રાખે છે તેનું આ એક કારણ છે. બીજી બાજુ, સરકારો પાસે બજેટમાં નિર્દિષ્ટ રકમ હોય છે, જે મંજૂર થયા પછી ખર્ચ કરી શકાય છે. સરકારે મૂડી પર કેટલું વળતર મળશે તેની ચિંતા કરવાની જરૂર રહેતી નથી. તેનું ફોકસ પ્રોજેક્ટ સમાપ્તિનાં સંદર્ભમાં લક્ષ્ય હાંસલ કરવા પર હોય છે. આ તફાવતને ધ્યાનમાં લેવો જોઇએ કારણ કે બંને વિભાગોનાં લક્ષ્ય અલગ છે.

ત્રીજું, વ્યાજદર નીચા હોવાથી તાર્કિક રીતે વધુ પ્રોજેક્ટ્સ નાણાકીય રીતે પોષણક્ષમ બને છે. આમાંથી એ પ્રશ્ન ઉઠે છે કે, શા માટે ખાનગી ક્ષેત્રએ હજુ રોકાણ શરૂ નથી કર્યું. પણ અગાઉ જણાવ્યું તેમ, જ્યાં સુધી તક ન હોય ત્યાં સુધી કોઈ કંપની ઋણ લેતી નથી. વ્યાજદર ભાગ્યે જ અવરોધક પરિબળ રહ્યું છે. દાખલા તરીકે, ૨૦૦૫-૨૦૦૬થી ૨૦૧૨-૧૩ દરમિયાન, સરેરાશ જીએફસીએફ રેટ ૩૪ ટકા જેટલો ઊંચો હતો અને સરેરાશ રેપો રેટ ૬.૮૫ ટકા હતો. તેમ છતાં રોકાણ વધ્યું હતું. વૃદ્ધિ મજબૂત હોવાથી રોકાણ વધ્યું હતું. તેથી, રોકાણનો નિર્ણય વ્યાજદરને આધારે નથી લેવાતા પણ જરૂરીયાતને આધારે લેવાય છે.

ચોથું, એપ્રિલમાં ટેરિફ મુદ્દો આવ્યો ત્યારથી અર્થતંત્રમાં અનિશ્ચિતતાનું પ્રમાણ વધ્યું છે. જ્યાં સુધી વ્યાપક સ્પષ્ટતા નહીં થાય ત્યાં સુધી ટેક્સટાઇલ, લેધર પ્રોડક્ટ્સ, એન્જિનિયરીંગ, ઓટો કોમ્પોનન્ટ, ઇલેક્ટ્રોનિક્સ, ફાર્મા સહિતનાં ઉદ્યોગો રોકાણ કરવાની સ્થિતિમાં નહીં રહે.અંતે, રિયલ એસ્ટેટ જેવા ક્ષેત્રમાં ઇન્વેન્ટરી ઊભી થવાથી નવાં બાંધકામ થતાં અટકી ગયા છે. આ ઉપરાંત, એફોર્ડેબલ હાઉસિંગમાં ઓછા પ્રોજેક્ટ્સ હાથ ધરાતા હોવાથી આ ક્ષેત્ર પર અસર પડી છે. એવી દલીલ કરવામાં આવે છે કે સંચયિત ફુગાવાને કારણે આવા મકાનોની કિંમત વધારવાની જરૂર છે. આ પ્રકારની સમીક્ષા ન થતી હોવાથી આ પ્રોજેક્ટ્સ રિયલ્ટી કંપનીઓ માટે આર્થિક રીતે પોસાય તેવા નથી રહ્યા.

આ તમામ પરિબળોને સાથે લેતાં, એમ લાગે છે કે, ખાનગી રોકાણમાં ગતિ વધારવામાં સમય લાગશે. વિવિધ સેક્ટર્સમાં ખાનગી રોકાણ ધીમે ધીમે વેગ પકડશે અને વધુ સ્પષ્ટ ચિત્ર ઉપસતા બે વર્ષ સુધીનો સમય લાગી શકે છે.કરવેરા પર હકારાત્મક પગલાં સાથે સરકાર દ્વારા પૂર્વશરતોનું મોટા પ્રમાણમાં પાલન કરવામાં આવ્યું છે. કેપેક્સ માટે સરકાર અને રાજ્યોની પ્રતિબધ્ધતા ખાનગી રોકાણ માટે સાનુકુળ સ્થિતિ પૂરી પાડે છે. વ્યાજદર નીચા છે અને ઘટાડાનું ચક્ર પૂરું થયું હોવાના સંકેતો છતાં આ વર્ષમાં બીજો એક ઘટાડો આવી શકે છે.

ભારતે વેપાર ક્ષેત્રે ઊંડા સુધારા કરવાની જરૂર



મુકેશ બુટાણી અને પ્રણોય ગોસ્વામી

અનુક્રમે મેનેજિંગ પાર્ટનર અને સિનિયર એસોસિએટ, ટેક્સ પોલિસી ટીમ, બીએમઆર લીગલ

અમેરિકા સાથે હાલ ચાલી રહેલી વેપાર વાટાઘાટોમાં ભારતનું દ્રષ્ટિબિંદુ ટેકનોલોજી નવીનીકરણ માટે વૈશ્વિક કેન્દ્ર બનવાની તેની મહત્વાકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે

કોર્પોરેશન માટે સ્થિર રહેવા ભવિષ્યમાં પૂરતાં પ્રમાણમાં મોટો છાંયડો હોવો જોઇએ. આનો અર્થ એ થયો કે, બે સમાન વ્યક્તિઓ વચ્ચે હવે પછીનો સામનો એવો હોવો જોઇએ જે ડિફેક્શનને બિનનફાકારક વ્યૂહ બનાવે. આ માટે કંપનીઓ માટે ફરી એક વાર બેઠક યોજવા પૂરતો અવકાશ હોવો જોઇએ અને તેઓ તેમની આગામી બેઠકનાં મહત્વને એટલી બધી ઓછી ન આંકે.

-રોબર્ટ એક્સેલરોડ, ધ ઇવોલ્યુશન ઓફ કોઓપરેશન.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરવામાં આવેલા ટેરિફની તીવ્રતાએ વૈશ્વિક નીતિ ઘડવૈયાઓનાં મનમાં ચિંતા પેદા કરી છે. જે વિશ્વભરમાં ચર્ચાસ્પદ અને વિવાદાસ્પદ વિષય બન્યો છે. ૫૦ ટકા જેટલી આકરી અને અતિરેકભરી ટેરિફ સામે ઝઝૂમી રહેલી ભારત સરકાર માટે આ મુશ્કેલી ચિંતા અને નીતિગત ફેરફારોનો વિષય બની છે. સંબંધિત પ્રશ્ન એ હતો કે, સરકાર વપરાશને વેગ આપવા અને ઔદ્યોગિક સુમેળને સરળ બનાવવા માટે કર, ટેરિફ અને વેપારનાં ટકાઉ છતાં ગતિશીલ મુદ્દાને કઈ રીતે હાથ ધરશે.?

વડાપ્રધાન મોદીએ ગયા મહિને શાંઘાઇ સહકાર સંગઠનનાં શિખર સંમેલનની લીધેલી મુલાકાત અને રશિયા તથા ચીનના વડાપ્રધાનો સાથે તેમનાં સૂચક આદાનપ્રદાને વિશ્વભરનું ધ્યાન ખેંચ્યું છે. કારણ કે બીજી બાજુ, ભારત ચીન સાથે સરહદ સંબંધિત વિવાદમાં સમાધાન કર્યા વગર તેની આર્થિક ભાગીદારીને ફરીથી ગોઠવી રહ્યું છે. આવા ઉત્સાહી આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમથી પ્રોત્સાહિત ભારતમાં જીએસટી કાઉન્સિલ દ્વારા રેટમાં ઘટાડો અને જીએસટી એપેલેટ ટ્રિબ્યુનલની કાર્યાન્વિત કરવાથી સ્થાનિક મૂડનો લાભ લેવાની અને ઊંડા સુધારા માટે પ્રયાસ કરવાની તક ઊભી થઈ છે. જોકે, છેલ્લાં ત્રણ સમાહથી જેની પ્રશંસા થઈ રહી છે તે જીએસટી પ્રણાલિ પર હજુ કામ ચાલી જ રહ્યું છે, જેમાં સંખ્યાબંધ સેસ, ઇન્વર્ટેડ ડ્યુટી અને વર્ગીકરણનાં પડકારોની સમસ્યા ઉકેલવામાં આવી છે. સરકાર આ બાબતોને સુધારવા અને તેનાં પરોક્ષ કર શાસનનું પુનર્ગઠન કરવા માટે કામ કરી રહી છે ત્યારે તેનાં આંતરરાષ્ટ્રીય વેપાર અને ટેરિફ પરિદ્રશ્ય પર એક ઝીણવટભરી નજર કરવી જરૂરી છે. નીતિ નિર્માતાઓનાં માળખા પર સૈધ્ધાંતિક અને મુળભૂત નિર્ધારણ એ અમેરિકા સાથે તેનાં આદેશને માપાંકિત કરવા માટેની કામગીરીનો માર્ગ હોવો જોઇએ.

ભારતે તેનાં આર્થિક તંત્રને તેનાં નિયમનકારી અને કરવેરાનાં પરિદ્રશ્યને સંબોધવા ઊંડા આર્થિક સુધારા કરવાની જરૂર છે

તે એક્સેલરોડ દ્વારા કરવામાં આવેલી પ્રારંભિક પૂર્વધારણા તરફ પાછી લઈ જાય છે: ભારત અને અમેરિકાએ વિશ્વાસ અને એકતાનું નિર્માણ કરવા તેમની વેપાર અપેક્ષાઓને મજબૂત અને સરળ કરવા મજબૂત થવાની જરૂર છે. ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર સંધિ ડિજિટલ ટેકનોલોજીમાં વ્યૂહાત્મક સહકારની રૂપરેખાઓને પુનઃ વ્યાખ્યાયિત કરવા માટે સજ્જ હતી. સંદર્ભની શરતોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે અને નબળી જાહેરાતો દ્વારા શાંત વાતાવરણ સર્જવામાં આવ્યું છે ત્યારે ભારત સેમિકન્ડક્ટર્સ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ), મહત્વપૂર્ણ ખનીજો અને સબ સી (દરિયાની અંદર) કેબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર્સનો સમાવેશ કરવા માટે તેની યોજનામાં ફેરફાર કરશે. ઉપર જણાવેલા સેક્ટર્સ માત્ર આર્થિક એન્જિનો નથી, તે ડિજિટલ સાર્વભૌમત્વ અને ભૂરાજકીય વગનો પાયો છે. આ વાટાઘાટોમાં ભારતનું દ્રષ્ટિબિંદુ ટેકનોલોજી નવીનીકરણ માટે વૈશ્વિક કેન્દ્ર બનવાની તેની મહત્વાકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે.

ભારતનાં આર્થિક તંત્રને તેનાં નિયમનકારી અને કરવેરાનાં પરિદ્રશ્યને સંબોધવા માટે ઊંડા સુધારાની જરૂર છે. તેની ટેકનોલોજી ક્ષમતાને ધ્યાનમાં રાખીને વિદેશી ટેકનોલોજી ઓપરેટરો માટે કરવેરાની વ્યવસ્થાને વધુ સ્પષ્ટ અભિવ્યક્તિ અને નિશ્ચિતતાની જરૂર છે. ૨૦૨૫ના બજેટમાં ટેકનોલોજી સેવો પૂરી પાડતા બિન-રહીશો માટે પ્રિઝમ્પ્ટીવ ટેક્સ વ્યવસ્થા દાખલ કરવામાં આવી હતી, જેમાં કુલ આવક પર ૨૫ ટકા ટેક્સ લાદીને અસરકારક રેટ ૧૦ ટકાથી નીચે રાખવામાં આવ્યો હતો. આ એક પગલું આગળ છે ત્યારે વ્યાપક પરિદ્રશ્ય અસપ્રમાણતાઓથી ભરેલું છે. ખાસ કરીને ડેટા સેન્ટરની કામગીરીમાં રોકાણકારોની ચિંતામાં વધારો થાય છે.

અમેરિકામાં વન બિગ બ્યુટીફુલ બિલ એક્ટ હેઠળ યુનિફાઇડ ફ્રેમવર્કનો અભાવ કર જવાબદારીઓનાં બિનસાતત્યપૂર્ણ અર્થઘટનો તરફ દોરી જાય છે, ખાસ કરીને ક્લાઉડ સર્વિસિસ, એઆઇ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેટા સેન્ટરમાં ઓપરેટ કરતી અમેરિકન ટેકનોલોજી કંપનીઓ માટે. પિલ્લર ટુ હેઠળ પર્મનન્ટ એસ્ટાબ્લિશમેન્ટ અને ગ્લોબલ એન્ટિ-બેઝ ઇરોઝન રુલ્સને નફાની ફાળવણી અંગેનાં ઇકોનોમિક કો-ઓપેરશન એન્ડ ડેવલપમેન્ટ (ઓઇસીડી) અહેવાલ પરથી પ્રેરણા લઇને ભારતે સુધારાઓની આગાહી અને વિસ્તરણ સુનિશ્ચિત કરવા તેનાં નફાની ઉત્પત્તિ અને જોડાણ નિયમોને વૈશ્વિક માપદંડો સાથે સંરેખિત કરવાનું વિચારવું જોઇએ.

સોનાનાં ભાવમાં મોટાપાયે કરેક્શનનાં એંધાણ

સોનામાં વધારે પડતી ખરીદી થવા પામી છે અને તે નીચે આવી શકે છે

રાજેશ ભાયાણી

આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાનો ભાવ ઔસ દીઠ ૪૦૦૦ ડોલર મંગળવારે જોવા મળ્યો હતો. જે એક વિક્રમરૂપ સપાટી હતી અને આ સાથે ભાવમાં વૈશ્વિક સંજોગોને પગલે ભાવમાં વધારા તરફી વલણ ચાલુ રહેવા પામ્યું છે. આ નાણાંકીય વર્ષમાં સોનાનાં ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવમાં ૩૦ ટકાનો વધારો જોવા મળ્યો છે.

ભારતમાં સ્થિતિ વધારે સારી જોવા મળી રહી છે. ચાલુ નાણાંકીય વર્ષમાં સોનાનાં ભાવમાં ૩૭.૫ ટકા સુધીની તેજી જોવા મળી હતી. ઓક્ટોબર મહિનામાં પહેલા આઠ દિવસ દરમિયાન ભાવમાં ૬ ટકાનો વધારો જોવા મળ્યો હતો. જોકે નિષ્ણાતોનું માનવું છે કે, આગામી દિવસોમાં સોનામાં નફો અંકે કરવાની કવાયત જોવા મળી શકે છે.

વૈશ્વિક ફલક પર મુદ્દા જેવા કે યુએસ શટડાઉન અને ઇઝરાઇલ-હમાસ વચ્ચે શાંતીનાં પ્રયાસો પર ખાસ નજર રાખવાની રહેશે. ડોલર ઇન્ડેક્સમાં બે મહિનાની ઊંચી સપાટી જોવા મળી રહી છે. ઇન્ડેક્સ ૯૯ની સપાટીએ પહોંચ્યો છે. તેનાથી સોના અને ચાંદીમાં નફો અંકે કરવાની કવાયતને વેગ મળવાનો સંકેત મળે છે.

યા વેલ્થ ગ્લોબલનાં ડાયરેક્ટર અનુજ ગુપ્તાએ જણાવ્યું કે, "ડોલર ઇન્ડેક્સમાં આ અઠવાડિયે ૧.૨૭ ટકાનો વધારો થયો છે અને હાલમાં તે ૯૮.૭ પર ચાલી રહ્યો છે. સોના અને ચાંદીમાં નફો અંકે કરવાનો આ પહેલો સંકેત છે તેમ કહી શકાય."

યુએસનાં અલ્ગો એનાલિસ્ટ અને અરોરો રિપોર્ટનાં લેખક નિગમ અરોરાએ આ સાથે સંમત થતા જણાવ્યું કે, "સોનામાં વધારે પડતી ખરીદી થવા પામી છે અને તે નીચે આવી શકે છે."

તેમણે આ માટેનાં પરિબળોની ચર્ચા કરતા જણાવ્યું કે, ડોલરમાં મજબૂતાઇ, યુએસ સરકારનાં શટડાઉનનો અંત અને ઓક્ટોબરમાં ફેડરલ રિઝર્વ વ્યાજમાં ઘટાડો કરે નહીં તો સોનાનાં ભાવમાં નરમાઇ તરફી અસર જોવા મળી શકે છે.અન્ય કારણો જોવામાં આવે તો બોન્ડની ઉપજ ફ્રાંસ અને જાપાનમાં વધી રહી છે. જો ફ્રાંસમાં નવી સરકાર અંદાજપત્ર પસાર કરાવી શકશે કે જાપાનનાં વડાપ્રધાન રાજકોષીય નીતિ બાબતે મક્કમ વલણ બતાવે અને બેંક ઓફ જાપાન પર વ્યાજ દર બાબતે દબાણ કરે નહીં તો સોનામાં ભાવમાં કરેક્શન જોવા મળી શકે છે.

માત્ર સોનુ જ નહીં પણ ચાંદીનાં ભાવ પણ સ્થિરતા સાથે વધી રહ્યાં છે. અરોરાની ધારણા છે કે, ચાંદી કોઇ પણ તરફ સોનાની સરખામણીમાં ચાંદી ૧.૭ ગણી વધારે ગતી કરી શકે છે. તેનો અર્થ એવો થયો કે, ભાવમાં ઘટાડો થયો તો ચાંદીમાં ઘટાડો સોનાની સરખામણીમાં ૧.૭ ગણો વધારે હશે.

સોના-ચાંદીનાં ભાવમાં કરેક્શન આવશે તો તે પણ તેજીની જેમ ઘણુ ઝડપી જ હશે. છેલ્લાં થોડા દસકાઓથી બજારમાં તેજીનું વલણ રહ્યું છે. નજીકનાં સમયગાળામાં સોનામાં મોટાપાયે કરેક્શન જોવા મળી શકે છે પણ વચગાળામાં તેજી ચાલુ રહેશે.

ક્વોન્ટમ એએમસીનાં સીઆઇઓ ચિરાગ મહેતાએ જણાવ્યું કે, સોના માટે પરિબળો સકારાત્મક છે પણ નજીકનાં સમયગાળામાં જ ૩૦ ટકા ઉપરાંતની તેજી જોવા મળી ત્યારે તેમાં કરેક્શનની સંભાવના નકારી શકાય નહીં. વધારે ખરીદી કરવામાં આવી હોય તેવા બજારમાં ૧૦-૧૫ ટકા કરેક્શન તંદુરસ્ત ગણાય. આપણે આવી સ્થિતિ ૧૯૭૦નાં અને ૨૦૦૦નાં ગાળામાં જોઇ હતી. જોકે તેમનું માનવું છે કે, સોનાનાં રોકાણકારોમાં સમગ્રતયા તેજીનો માહોલ છે.

ચિરાગ શેઠ જે લંડનની બુલિયન રિસર્ચ ફર્મ મેટલ ફોકસમાં પ્રિન્સીપલ કન્સલટન્ટ છે તેમણે ઉમેર્યું કે, તેઓ તેજીની તરફેણમાં છે અને સમગ્રતયા તેજીનો માહોલ ચાલુ રહેશે.

તંત્રીને પત્ર

વધારાનાં ભંડોળનો ઉત્પાદકીય ઉપયોગ જરૂરી

જેનો દાવો નથી કરવામાં આવ્યો તેવા ભંડોળનો દાવો કરવાની કવાયત અંગેનાં ફાયનાન્સિયલ એક્સપ્રેસનાં લેખમાં યોગ્ય રીતે જ વધારાનાં નિરુપયોગી પડી રહેલા ભંડોળનો ઉત્પાદકીય ઉપયોગ કરવાની વાત કરવામાં આવી છે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)એ તાજેતરમાં દાવો નહીં કરવામાં આવેલા ભંડોળનો દાવો કરવાનું લાભાર્થીઓ માટે સરળ બને તે દિશામાં જે કાર્યવાહી હાથ ધરી તે આવકાર્ય છે. ડિપોઝીટર એજ્યુકેશન એન્ડ એવરનેસ (ડીઇએ)માં પડેલા ભંડોળમાં ઘટાડો થાય તે માટે વર્ષ સુધી જે ઝુંબેશ ચાલતી રહી તેના પગલે આરબીઆઇ અને કેન્દ્ર સરકાર બન્ને આ દિશામાં સક્રિય થયા તે આવકાર્ય બાબત છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ડિપોઝીટ ઇન્સ્યોરંસ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન પણ રૂા.૨.૩૧ લાખ કરોડના ભંડોળ પર બેઠેલું છે.

-આર.વી.બાસ્કરન

સંચાલક મંડળનો સંઘર્ષ

વિસંગત નોંધ મથાળા હેઠળનાં ફાયનાન્સિયલ એક્સપ્રેસનાં તંત્રી લેખમાં તાતા જુથના ઘટનાક્રમની નોંધ લેવાની સાથે સરકારની દરમિયાનગીરી વીના આ પ્રકારનાં વિવાદોનો ઉકેલ આવે તેના પર ભાર મુકવામ

SAYAJI HOTELS (PUNE) LIMITED

CIN : L55204GJ2018PLC161133

Regd. Office : Near Kala Ghoda Circle, Sayajiganj, Vadodara, Gujarat-390020 IN

Tel. No.: 0731-4006666 | Email Id : cs@shplpune.com | Website : www.shplpune.com

Extract of Unaudited Standalone and Consolidated Financial Results for the Quarter and Half Year ended 30th September 2025

(₹ in Lakhs except figures of EPS)

S. No.	Particulars	Standalone			Consolidated		
		Quarter Ended 30.09.2025 (Unaudited)	Quarter Ended 30.09.2024 (Unaudited)	Half Year Ended 30.09.2025 (Unaudited)	Quarter Ended 30.09.2025 (Unaudited)	Quarter Ended 30.09.2024 (Unaudited)	Half Year Ended 30.09.2025 (Unaudited)
1	Total Income from Operation (Net)	1883.30	1,847.76	3,784.95	1,883.30	1,847.76	3,784.95
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items)	609.66	573.65	1,247.74	602.99	564.23	1,239.33
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and / or Extraordinary items)	609.66	573.65	1,247.74	602.99	564.23	1,239.33
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and / or Extraordinary items)	538.32	426.05	1,000.28	533.40	419.08	990.97
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	539.76	421.08	1,000.12	534.84	414.11	990.81
6	Equity Share Capital	304.66	304.66	304.66	304.66	304.66	304.66
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	-	-	-	-	-	-
8	Earnings Per Share (of ₹ 10/- each) (for continuing & discontinued operations) Basic: Diluted:	17.67 17.67	13.98 13.98	32.83 32.83	17.51 17.51	13.76 13.76	32.53 32.53

Note: The above is an extract of the detailed format of Financial Results for the Quarter and Half Year ended 30th September, 2025 filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Financial Results for the Quarter and Half Year ended 30th September, 2025 are available on the website of Stock Exchange at **www.bseindia.com** & Company's website at **www.shplpune.com** and the same can be accessed by scanning the QR Code attached below.

Place : **Indore,** Date : **10.10.2025**

By the Order of the Board
For **Sayaji Hotels (Pune) Limited**
Sd/-
Abhay Chintaman Chaudhari
Chairman

TATA

TATA POWER

(Corporate Contracts Department)

Sahar Receiving Station, Near Hotel Leela, Andheri (E), Mumbai 400 059, Maharashtra, India
(Board Line: 022-67173188) CIN: L28920MH1919PLC000567

NOTICE INVITING EXPRESSION OF INTEREST

The Tata Power Company Limited hereby invites Expression of Interest from eligible parties for **"Outline Agreement for 3 years for Maintenance Painting Works at Trombay Power Plant and Housing Colony at Trombay, Chembur, Mumbai, Maharashtra (Tender Ref. No.: CC26PMR029)"**

For details of pre-qualification requirements, purchasing of tender document, bid security, etc., please visit Tender section of our website **(URL: https://www.tatapower.com/tender/tenders-listing)**. Eligible parties willing to participate may submit their expression of interest along with the tender fee on or before **23rd October 2025.**

ओएनजीसी | ONGC

BDA/DAHEJ/EOI-2/2025-26 ONGC, Vadodara

EXPRESSION OF INTEREST (EOI)

ONGC invites Expression of Interest (EOI) from reputed and experienced consultancy firms for providing professional services related to the Denotification of ONGC's Dahej Plant from Dahej SEZ-02 (SEZ Exit). **Brief Description:** Exploration of Source of Supply & Qualification Framework for Engagement of Consultancy Services for Denotification of ONGC's Dahej Plant from Dahej SEZ-02 (SEZ Exit). **Pre-Submission Meeting:** 7 days from publication of notification. **Last Date for Submission of EOI response:** 03.11.2025

The advertisement is not a commercial tender or RFP, nor does it commit ONGC to proceed with any procurement process.

For Downloading EOI Documents please Logon to http://tenders.ongc.co.in

---

LE TRAVENUES TECHNOLOGY LIMITED

Regd. Office: Second Floor, Veritas Building, Sector-53, Golf Course Road, Gurugram-122 002, Haryana, India. CIN: L63000HR2006PLC071540; Tel: +91 - 124 - 6682111

Email: secretarial@ixigo.com **Website:** www.ixigo.com

NOTICE OF EXTRAORDINARY GENERAL MEETING AND E-VOTING INFORMATION

Notice is hereby given that the Extraordinary General Meeting (**"EGM"**) of Le Travenues Technology Limited (the **"Company"**) will be held on Saturday, November 01, 2025 at 02:00 P.M. (IST) through VC/OAVM facility to transact the businesses as set forth in the Notice of the EGM, in compliance with the applicable provisions of the Companies Act, 2013 and the Rules made thereunder read with General Circular No. 14/2020 dated April 08, 2020, General Circular No. 17/2020 dated April 13, 2020, and General Circular No. 03/2025 dated September 22, 2025 (collectively **"MCA Circulars"**) and Circular No. SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2024/133 dated October 03, 2024, issued by the Securities and Exchange Board of India.

Pursuant to the aforementioned circulars, the Notice convening the EGM has been sent through email on Friday, October 10, 2025, to all members whose email addresses are registered with the Company's Registrar & Share Transfer Agent, MUFG Intime India Private Limited (**"RTA"**) / Depositories. The Notice of EGM is also available on the website of the Company at www.ixigo.com and on the website of RTA (agency providing e-voting facility) https://instavote.linkintime.co.in/ and also be accessed from the websites of the Stock Exchanges i.e., BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com respectively.

Members can attend and participate in the EGM through VC/OAVM facility InStaMeet provided by RTA. Members may access the same at https://instameet.in.mpms.mufg.com/. The Members can join the EGM in the VC/OAVM mode 15 minutes before the scheduled time for the commencement of the EGM by following the procedure mentioned in the Notice. The attendance of the members attending the EGM through VC/OAVM will be counted for the purpose of ascertaining the quorum under Section 103 of the Companies Act, 2013.

In compliance with the provisions of Section 108 of the Act read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 (as amended), MCA Circulars, and Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the Company is providing facility of remote e-voting and e-voting during EGM, to its Members in respect of the businesses to be transacted at the EGM. For this purpose, necessary arrangements have been made by the Company with RTA to facilitate remote e-voting and e-voting during EGM. The brief details are as under:

a) The Member whose name appears in the Register of Members/Beneficial Owners maintained by the Depositories as on cut-off date i.e., Saturday, October 25, 2025, will only be considered for the purpose of remote e-voting and e-voting at the EGM. A person who is not a Member as on the cut-off date i.e., Saturday, October 25, 2025, should treat this Notice of EGM for information purpose only.

b) The remote e-voting facility commences from 09:00 A.M. (IST) on Wednesday, October 29, 2025, and ends at 05:00 P.M. (IST) on Friday, October 31, 2025. The remote e-voting shall be disabled by RTA after the aforesaid period.

c) The Members attending the EGM who are entitled to vote but have not exercised their right to vote through remote e-voting, may vote during the EGM through e-voting for all businesses specified in the Notice of EGM. The Members who have exercised their right to vote by remote e-voting may attend the EGM but shall not vote at the EGM.

d) Members who are holding shares in physical form or who have not registered their email address with the Company / Depository or any person who acquires shares of the Company and becomes a Member of the Company after the dispatch of Notice of EGM by the Company, and holds shares as of the cut-off date, i.e. Saturday, October 25, 2025, may obtain the User ID and password by sending a request at enotices@in.mpms.mufg.com. However, if a Member is already registered with RTA for remote e-voting and e-voting then existing User ID and password can be used for casting vote.

e) The detailed procedure pertaining to remote e-voting and e-voting during the EGM is provided in the Notice of EGM.

f) In the event of any grievance relating to remote e-voting and e-voting during the EGM, the members may contact Mr. Rajiv Ranjan, Assistant Vice President - e-voting, MUFG Intime India Private Limited, C - 101, Embassy 247, Lal Bahadur Shastri Marg, Vikhroli (West), Mumbai - 400 083; Helpdesk: 022 - 49186000 / 49186175; E-mail: enotices@in.mpms.mufg.com.

Members holding shares in dematerialised mode can get their email address registered/ updated only by contacting their respective Depository Participant. Members holding shares in physical mode may register/update their email address with the RTA by writing to them at enotices@in.mpms.mufg.com. The members are requested to provide details such as Name, Folio Number, Certificate Number, PAN, mobile number and e-mail id etc.

The members are requested to carefully read all the notes as set out in the Notice of EGM and instructions for joining the EGM through VC/OAVM, manner of casting vote through remote e-voting and e-voting during the EGM and for registering as a speaker at the EGM.

Date: October 10, 2025
Place: Mumbai

For Le Travenues Technology Limited

Sd/-
Suresh Kumar Bhutani
(Group General Counsel, Company Secretary & Compliance Officer)
Membership No. F6400

ixigo | ixigo | Confirmtkt | abhibus

ફોર્મ નં. યુઆરસી-૨

ભાગ-I, અધ્યાય-XXI હેઠળ નોંધણી અંગેની જાહેરાત

(કંપનીઝ કાયદો, ૨૦૧૩ ની કલમ ૩૭૪(બ) અને કંપનીઝ (અધિકૃત નોંધણી) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૪(૧) મુજબ)

૧. અહીં જાહેર કરવામાં આવે છે કે કંપનીઝ કાયદો, ૨૦૧૩ ની કલમ ૩૬૬(૨) અનુસાર, હરિયાણા રાજ્યના કંપની રજિસ્ટ્રારને અરજી કરવામાં આવી છે કે મેસર્સ સોલિડએજ ઈન્ડસ્ટ્રીઝ (એક ભાગીદારી ફર્મ) ને કંપનીઝ કાયદો, ૨૦૧૩ ના ભાગ-I, અધ્યાય-XXI હેઠળ **સોલિડએજ પ્રાઇવેટ લિમિટેડ** નામની શેરદ્વારા મર્યાદિત કંપની તરીકે નોંધણી આપવામાં આવે.

૨. કંપનીના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે :
તમામ પ્રકારના PVC એજ બેન્ડિંગ ટેપ અને PVC પ્રોફાઇલનું ઉત્પાદન અને વેપાર કરવો, ફર્નિચરના તમામ પ્રકારના ફેન્સી સજાવટના ઉત્પાદનો તથા અન્ય સહાયક પ્રવૃત્તિઓ કરવી. આ સિવાય ભાગીદારોને પરસ્પર સમજૂતી અનુસાર આ નામે અથવા અન્ય કોઈ ટ્રેડ નામ હેઠળ અન્ય કોઈપણ વ્યવસાય કરવાની છૂટ રહેશે.

૩. પ્રસ્તાવિત કંપનીના મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની ડ્રાફ્ટ નકલનું નિરીક્ષણ **શેડ નં. ૦૬, બ્લોક નં. ૩૮૪, ગોપાલ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, બાકરોલ, અમદાવાદ - ૩૮૨૪૩૦** ખાતે કરી શકાય છે.

૪. કોઈપણ વ્યક્તિને આ અરજી અંગે વાંધો હોય તો તે પોતાની લેખિત વાંધાની નોંધ સેન્ટ્રલ રજિસ્ટ્રેશન સેન્ટર (CRC), ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA), પ્લોટ નં. ૬, ૭, ૮, સેક્ટર ૫, આઇએમટી માનેસર, જિલ્લા ગુરુગ્રામ (હરિયાણા), પિન કોડ - ૧૨૨૦૫૦ ખાતે, આ જાહેરનામાની પ્રકાશન તારીખથી એકવીસ દિવસની અંદર કરી શકે છે. તેની નકલ ઉપર જણાવેલ કંપનીના સરનામે મોકલવી રહેશે.

મેસર્સ સોલિડએજ ઇન્ડસ્ટ્રીઝની તરફથી અને તેમના નામે
આ તારીખે : ૧૧ ઓક્ટોબર, ૨૦૨૫

સહી/-	સહી/-	સહી/-	સહી/-
જતિન બી. પટેલ	સન્ની એમ. પટેલ	જિગ્નેશ બી. પટેલ	સૌરભકુમાર બી. પટેલ
ભાગીદાર	ભાગીદાર	ભાગીદાર	ભાગીદાર

કેનરા બેંક Canara Bank | સિંડિકેટ Syndicate — **ભુજ શાખા, કચ્છ**

ઉધારકર્તા/જામીનદાર/ગીરોકર્તાને માંગણા નોટીસ (કલમ ૧૩(૨))

Ref:RORAJKOT/BHUJ/17121/YADAVDIVYAKUMARCHHOTELAL **તારીખ : ૦૬.૧૦.૨૦૨૫**

પ્રતિ,

શ્રી યાદવ દિવ્યકુમાર છોટેલાલ (ઉધારકર્તા) - યાદવ છોટેલાલ જવાહરલાલ ના પુત્ર

સરનામું (૧) : ૫૩૦, કોમર્સ કોલેજ રોડ, જલારામ પ્રોવિઝન શેરી, ચામુંડા મંદિર પાછળ, ગણેશ નગર, ભુજ શહેર, કચ્છ, ગુજરાત- ૩૭૦૦૦૧

સરનામું (૨) : રહેણાંક પ્લોટ નં. ૬૬, રેવન્યુ સર્વે નં. ૧૬૯/ પૈકી ૩/ પૈકી ૧/ પૈકી ૧ અને ૧૬૯/ પૈકી ૩/ પૈકી ૧/ પૈકી ૨, ઓકસવુડ, ગામ : રાતીયા, તા. ભુજ, કચ્છ, ગુજરાત- ૩૭૦૦૦૧

આદરણીય સાહેબ/ મેડમ,

વિષયઃ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના સેકશન ૧૩ (૨) હેઠળ માંગણા નોટીસ

તમો **શ્રી યાદવ દિવ્યકુમાર છોટેલાલ** દ્વારા અમારી **ભુજ શાખા** માંથી નીચે મુજબની લોન/ક્રેડીટ સુવિધાઓ વખતો વખત મેળવેલ છે.

ક્રમ નં.	લોન નંબર	લોનની રકમ	તા. ૦૫.૧૦.૨૦૨૫ ના રોજની વ્યાજ સાથેની કુલ જવાબદારી
૧	૧૬૦૦૦૨૧૦૯૧૫૦	રૂા. ૨૦,૦૦,૦૦૦.૦૦	રૂા. ૧૯,૯૭,૨૪૮.૭૬/- મુળ રકમ રૂા. ૧૯,૩૮,૨૯૮.૦૦/- વ્યાજ રૂા. ૫૮,૯૫૦.૭૬/- + તેના ઉપરના વ્યાજ અને અન્ય ખર્ચાઓ

વ્યાજ દર	૧૦.૭૫% વાર્ષિક દરે (૮.૭૫% + ૨.૦૦% પેનલ્ટી ઈન્ટરેસ્ટ)

ઉપરોક્ત લોન/ ક્રેડિટ સુવિધાઓને નીચે સુચિમાં વિગતવાર રીતે જણાવેલ સંપતિઓને ગિરવે મૂકીને તમારા દ્વારા અમારી તરફેણમાં સંબંધિત યોગ્ય દસ્તાવેજોની કાર્યવાહી કરીને સુરક્ષિત કરવામાં આવેલ. તમો આપેલ શરતો અને નિયમો મુજબ નાણાં ભરવામાં નિષ્ફળ ગયા હોઈ, બેંક **તા. ૦૩.૧૦.૨૦૨૫** ના રોજ દેણાને **એન.પી.એ.** તરીકે જાહેર કરેલ છે. આથી અમે આપને સદરહુ કાયદાની કલમ ૧૩ (૨) અનુસાર નોટીસ આપીએ છીએ કે આપે સંપુર્ણ રકમ **તા. ૦૫.૧૦.૨૦૨૫** ના રોજની રકમ **રૂા. ૧૯,૯૭,૨૪૮.૭૬/- (રૂપિયા ઓગણીસ લાખ સતાણુ હજાર બસ્સો અડતાલીસ અને છોતેર પુરા)** + લાગુ વધારાનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ સાથે સંપૂર્ણ રકમની ચુકવણી સુધીના તેના ઉપરનું વ્યાજ, આકસ્મિક ખર્ચાઓ અને કોસ્ટ બાદ રીકવરી રકમ, જો હોય તો આ નોટીસની તારીખથી દિન ૬૦માં ભરપાઈ કરી જવી. એમાં કસુર થયેથી બેંક સદરહુ કાયદાની કલમ ૧૩ (૪) મુજબ કોઈપણ અથવા તમામ અધિકારનો ઉપયોગ કરશે.

ઉપરાંત, તમને અમારી અગાઉથી મંજુરી લીધા વગર યાદીમાં દર્શાવેલ સિક્યોર્ડ મિલ્કતમાંથી કોઈપણ મિલ્કતનો કોઈપણ રીતનો વ્યવહાર કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે. આ અમને સદરહુ કાયદાથી મળેલ અને/ અથવા ચલણમાં હોય તેવા અન્ય કોઈ કાયદા દ્વારા મળેલ કોઈ અન્ય અધિકારોના પૂર્વગ્રહ સિવાય આપેલ છે.

સરફેસી કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) હેઠળની જોગવાઈ તરફ તમારૂ ધ્યાન દોરીએ છીએ કે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં આપ આ સુરક્ષિત સંપતિઓને મુક્ત કરાવી શકો છો. તમને રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. દ્વારા આ માંગણા નોટીસ તમને શાખામાં ઉપલબ્ધ તમારા છેલ્લા સરનામે પોસ્ટથી મોકલેલ છે.

શેડ્યૂલ

ગિરવે રાખેલ સંપતિઓની વિશેષ વિગતો નીચે જણાવેલ છે

ગીરો કરેલ મિલકત	સ્થાવર મિલકત	ધારણકર્તાનું નામ
ગીરો કરેલ	**ઇક્વીટેબલ મોર્ગેજ કરેલ જમીન અને બિલ્ડીંગ ધરાવતી મિલકત** : જે રહેણાંક પ્લોટ નં. ૬૬, રેવન્યુ સર્વે નં. ૧૬૯/ પૈકી ૩/ પૈકી ૧/ પૈકી ૧ અને ૧૬૯/ પૈકી ૩/ પૈકી ૧/ પૈકી ૨, વિસ્તાર ૬૬.૦૦ સ્કે.મી. 'ઓકસવુડ' તરીકે ઓળખાતો વિસ્તાર, ગામ : રાતીયા, તા. ભુજ, કચ્છ ખાતે સ્થિત છે. **ચર્તુસિમા : ઉત્તર :** પ્લોટ નં. ૬૫, **દક્ષિણ :** પ્લોટ નં. ૬૭, **પૂર્વ :** પ્લોટ નં. ૭૩, **પશ્ચિમ :** ૭.૫૦ મી. પહોળો આંતરિક રસ્તો	શ્રી દિવ્યકુમાર છોટેલાલ યાદવ

તારીખ : ૦૬.૧૦.૨૦૨૫, સ્થળ : ભુજ **અધિકૃત અધિકારી, કેનરા બેંક**

(આ નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો કાયદાકીય રીતે અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)

कॆनरा बैंक Canara Bank | सिंडिकेट Syndicate — **રીજનલ ઓફિસઃ ગાંધીનગર, પ્લોટ નં. ૩૨૨ થી ૩૨૫, સમુદ્ધિ કોમ્પ્લેક્ષ, ગાંધીનગર**

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, નીચે સહી કરનારે, જામીનીકરણ અને નાણાંકિય મિલકતોની પુનરર્ચના અને જામીનગીરી વ્યાજ અમલીકરણ ધારા, ૨૦૦૨ (૨૦૦૨ નો એક્ટ ૫૪) અન્વયે **કેનરા બેંકના** અધિકૃત અધિકારી હોવાની રૂએ તેમજ કલમ ૧૩(૧૨)ની સાથે વંચાતા જામીનગીરી વ્યાજ (અમલીકરણ) નિયમો ૨૦૦૨ ના નિયમ ૩ હેઠળ મળેલી સત્તાની રૂએ, નીચે સહી કરનારે તા. ૧૫.૦૭.૨૦૨૫ ના રોજ જારી કરેલી માંગણા નોટિસ દ્વારા દેવાદાર **શ્રી મેવાડા ભરતકુમાર રણછોડભાઈ** ને નોટિસમાં જણાવેલી રકમ **રૂ. ૧૭,૪૫,૫૪૫.૦૦ (સત્તર લાખ પિસ્તાલીસ હજાર પાંચસો પિસ્તાલીસ રૂપિયા માત્ર) +** ચડત વ્યાજ અને આકસ્મિક ખર્ચા અને કોષ્ટ સાથે સદર નોટીસની તારીખથી ૬૦ દિવસોમાં ચૂકવી આપવા જણાવવામાં આવ્યુ હતું.

દેવાદાર/જામીનદાર/કાનુની વારસદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જામીનદાર અને કાનુની વારસદાર અને જાહેર જનતાને જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે જણાવેલ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ની કલમ ૧૩(૪) સાથે સદર નિયમો સાથે વંચાતા નિયમ ૮ અને ૯ હેઠળ મળેલ સત્તાની રૂએ તા. **૦૯.૧૦.૨૦૨૫** ના રોજ નીચે દર્શાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** મેળવી અધિકૃત અધિકારીને સોંપેલ છે.

આથી વિશેષપણે દેવાદાર/જામીનદાર/કાનુની વારસદાર અને સામાન્ય પણે જાહેર જનતાને જણાવેલ મિલકતો અંગે કોઈપણ વ્યવહાર નહીં કરવા ચેતવણી આપવામાં આવે છે અને આ મિલકતો અંગેનો કોઈપણ વ્યવહાર રકમ **રૂ. ૧૭,૪૫,૫૪૫.૦૦ (સત્તર લાખ પિસ્તાલીસ હજાર પાંચસો પિસ્તાલીસ રૂપિયા માત્ર) + ચડત વ્યાજ** સાથે કેનરા બેંકના બોજાને આધીન રહેશે.

ગીરવે રાખેલ અસ્કયામતો આપેલા સમયમાં છોડાવવા અંગે દેવાદારનું કાયદા સેકશન ૧૩ ના સબ-સેકશન (૮) ની જોગવાઈ તરફ ધ્યાન દોરવામાં આવે છે.

અચલિત મિલકતોનું વર્ણન

બધા હક અને હિસ્સા સાથે સ્થાવર મિલકત રહેણાંક મિલકત સોલાડી ગ્રામ પંચાયત, મિલકત આકારણી રજીસ્ટ્રેશન નં. ૧૦૦૬ તરીકે જાણીતી મકાન નં. ૪૬૧, જમીન ક્ષેત્રફળ ૨૨૨.૯૫ ચો.મી., (ચો. યાર્ડસ ૨૬૬.૬૬) ગ્રામ પંચાયતની હદમાં, ગામ – સોલાડી, તા. ધાંગધ્રા, જીલ્લો – સુરેન્દ્રનગર. ચતુર્સીમા : પૂર્વ : જાહેર રોડ, પશ્ચિમ : આકારણી નં. ૧૦૦૫, ઉત્તર : જાહેર રોડ, દક્ષિણ : આકારણી નં. ૧૦૦૮.

તા.: ૦૯.૧૦.૨૦૨૫, સ્થળ : ધાંગધ્રા **સહી/- અધિકૃત અધિકારી, કેનરા બેંક**

ભારતીય સ્ટેટ બેંક

સ્ટ્રેસ્ડ અસેટ્સ રીકવરી શાખા, રજો માળ, સમ્યક સ્ટેટસ, ડી આર અમીન સ્કુલ સામે, દિવાલીપુરા મેઈન રોડ, વડોદરા-૩૯૦૦૦૭.

કબજા નોટીસ (જુઓ નિયમ ૮(૧)) (જંગમ મિલકત માટે)

નીચે સહી કરનારે **ભારતીય સ્ટેટ બેંક, સ્ટ્રેસ્ડ અસેટ્સ રીકવરી શાખા, રજો માળ, સમ્યક સ્ટેટસ, ડી આર અમીન સ્કુલ સામે, દિવાલીપુરા મેઈન રોડ, વડોદરા-૩૯૦૦૦૭ના** અધિકૃત અધિકારી તરીકે સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એક્ટ), ૨૦૦૨ અને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને **૨૭.૦૨.૨૦૧૫ ની તારીખની** ડિમાન્ડ નોટીસ જારી કરીને દેવાદાર **મે. અશ્વમેઘ એન્જિનિયરીંગ, પ્રોપરાયટર અને જામીનદાર શ્રી અનીરૂધ્ધસિંહ કિરણસિંહ યાદવને** નોટીસમાં દર્શાવેલી **રકમ રૂા. ૪૬,૫૫,૫૫૭.૯૪ (રૂપિયા છેતાલીસ લાખ પંચાવન હજાર પાંચસો સત્તાવન અને ચોરાણુ પૈસા પુરા)** બાદ કરતા **તા. ૨૭.૦૨.૨૦૨૫ મુજબ** ત્યારપછીની વસૂલાત, ઉપરોક્ત રકમ પરના કરારના દરે વધુ વ્યાજ સાથે આકસ્મિક ખર્ચો, તેના પરના ખર્ચના ચાર્જને આધિન આ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવ્યું હતું.

દેવાદાર રકમની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, **દેવાદારો, કાનૂની વારસદારો (જાણીતા-અજાણ્યા), કાનૂની પ્રતિનિધિઓ (જાણીતા-અજાણ્યા), જામીનદાર અને જાહેર જનતાને** નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે કથિત નિયમોના નિયમ ૮ સાથે વંચાતી કથિત (એક્ટની) કલમ ૧૩(૪) હેઠળ મને પ્રાપ્ત સત્તાની રૂએ અહીં નીચે વર્ણવેલી મિલકતનો **સાંકેતિક કબજો ૦૬ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ લઈ લીધો છે.**

ખાસ કરીને **દેવાદારો, કાનૂની વારસદારો (જાણીતા-અજાણ્યા), કાનૂની પ્રતિનિધિઓ (જાણીતા-અજાણ્યા), જામીનદાર અને અને જાહેર જનતાને** ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે કોઈપણ વ્યવહાર કરવો નહી અને મિલકત સાથે કરાયેલા કોઈપણ વ્યવહારનો ચાર્જ ભારતીય સ્ટેટ બેંકની **રૂા. ૪૬,૫૫,૫૫૭.૯૪ (રૂપિયા છેતાલીસ લાખ પંચાવન હજાર પાંચસો સત્તાવન અને ચોરાણુ પૈસા પુરા)** બાદ કરતા **તા. ૧૫.૧૨.૨૦૨૩** ત્યારપછીની વસૂલાત, ઉપરોક્ત રકમ પરના કરારના દરે વધુ વ્યાજ સાથે આકસ્મિક ખર્ચો, તેના પરના ખર્ચના ચાર્જને આધિન રહેશે.

સુરક્ષિત મિલકતો છોડાવવા માટે ઉપલબ્ધ સમય અંગે, સરફૈસી એક્ટની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ પ્રત્યે દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે.

મશીનરીનું વર્ણન

૧. હાઇડ્રોલિક પ્રેસ બ્રેક મશીન (મોડેલ નં-હેવી ડ્યુટી RPGX-3100 સાઇઝ ૩૦૦૦*૪ **એમએમ, ૧૦૦-ટન) સ્ટાન્ડર્ડ એસેસરીઝ સાથે પરંતુ હાઇડ્રોલિક ઓઈલ વિના**
૨. પાવર પ્રેસ મશીન મિકેનિકલ C ટાઈપ RCP-30 ટન હેવી ડ્યુટી મોટર, વી બેલ્ટ અને સ્ટાર્ટર સાથે
૩. પાવર પ્રેસ મશીન મિકેનિકલ સી ટાઈપ RCP-10 ટન હેવી ડ્યુટી મોટર, વી બેલ્ટ અને સ્ટાર્ટર સાથે

સ્થળ : દહેજ **અધિકૃત અધિકારી**
તારીખ : ૦૬.૧૦.૨૦૨૫ **ભારતીય સ્ટેટ બેંક - એસએઆરબી વડોદરા**

ફોર્મ નં.સીએએ-૨

(કલમ ૨૩૦(૩) અને નિયમ ૬ અને ૭ અનુસાર)

કંપની અરજી નં. સીએ(સીએએ)૪૫/AHM/૨૦૨૫

અમૃત એનર્જી પ્રાઈવેટ લિમિટેડ..... અરજદાર / ટ્રાન્સફરર કંપની

નોટિસ લેણદારો અને સભ્યશ્રીઓની મીટીંગની જાહેરાતની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે માનનીય, નેશનલ લો ટ્રિબ્યુનલ, અમદાવાદ બેન્ચના તા.૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજનાં આદેશ દ્વારા, આ કંપનીના ''ઈક્વિટી શેરધારકો'', ''સિક્યોર્ડ લેણદાર'' અને ''અનસિક્યોર્ડ લેણદાર''ની અલગ મીટીંગ યોજવા માટે નિર્દેશિત કરવામાં આવ્યો છે, જે ધ્યાનમાં લેવાના હેતુથી અને જો યોગ્ય લાગે તો, સુધારા સાથે અથવા વગર મંજૂરી આપીને આ કંપનીઓ ને તેમના સંબંધિત તેમના ''ઈક્વિટી શેરધારકો'', ''સિક્યોર્ડ લેણદાર'' અને ''અનસિક્યોર્ડ લેણદાર'' વચ્ચે આ કંપનીના મેસ્કોટ ડાયનામિક્સ પ્રા.લિ. (ટ્રાન્સફરી કંપની) સાથે જોડાણ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

ઉપરોક્ત આદેશ અનુસાર અને તેમાં નિર્દેશિત કર્યા મુજબ, આથી વધુ સુચના આપવામાં આવે છે કે ઉપરોક્ત કંપનીના **ઇક્વિટી શેરધારકો**ની ઉપરોક્ત મીટીંગ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ : **બી-૧૩૦૮, ૧૩૦૯, એમ્પાયર બીઝનેસ હબ, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ, ગુજરાત, ભારત-૩૮૦૦૬૦ ખાતે શનિવાર, ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે યોજાશે**, જેમાં ઉપરોક્ત ઈક્વિટી શેરધારકોને હાજર રહેવા વિનંતી કરવામાં આવે છે.

ઉપરોક્ત આદેશ અનુસાર અને તેમાં નિર્દેશિત કર્યા મુજબ, આથી વધુ સુચના આપવામાં આવે છે કે ઉપરોક્ત કંપનીના **સિક્યોર્ડ લેણદાર**ની ઉપરોક્ત મીટીંગ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ : **બી-૧૩૦૮, ૧૩૦૯, એમ્પાયર બીઝનેસ હબ, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ, ગુજરાત, ભારત-૩૮૦૦૬૦ ખાતે શનિવાર, ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યે યોજાશે**, જેમાં ઉપરોક્ત સિક્યોર્ડ લેણદારને હાજર રહેવા વિનંતી કરવામાં આવે છે.

